બોરીજની દબાણ ઝૂંબેશ સ્થગિત કરવા ગ્રામજનોની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા બોરીજ ગામમાં તાજેતરમાં સરકારી જમીન પર ઉભા થયેલા ગેરકાયદેસર પાકા દબાણો તંત્ર દ્વારા દુર કરવામાં આવ્યા છે અને આગામી સમયમાં પણ બાકી રહી ગયેલા દબાણો પણ તંત્ર દ્વારા ટુંક સમયમાં દુર કરવામાં આવનાર છે. ત્યારે બોરીજની દબાણ ઝુંબેશ સ્થગીત કરી રહેણાંકની વિકટ સમસ્યા કાયમી નિવારવા માટે બોરીજ વિકાસ મંડળના નેજા હેઠળ સૌ ગ્રામજનોએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી લેખિત રજુઆત કરી છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરની રચના માટે આસપાસના ૧૪ ગામના નાગરીકોની જમીન સંપાદન કરવામાં આવી છે. તેમાં બોરીજ ગામની પણ ૧૬૬૧ એકર જમીન સંપાદન કરવામાં આવી છે. જે તે સમયે જમીન સંપાદન કરાઈ તે વખતે કાચા છાપરામાં સાત-આઠ બાળકો સાથે વસવાટ કરતા હતા. ત્યારબાદ ૧૯૭૩માં બોરીજ ગામ સાબરમતિ નદીમાં ઘોડાપુર આવતા આખુ ગામ પાણીમાં ગરકાવ હતું. તે સમયના મામલતદાર અને તલાટીની હાજરીમાં મુખ્યમંત્રીએ ગામતળ પત્રકમાં લખાણ કરી કહેલુ કે આ તમામ ગ્રામજનોનો ઉપરવાસમાં વસવાટ કરી દેવો. ત્યારથી ગ્રામજનોમાં પોતાના વારસોના રહેણાંકની સમસ્યા સર્જાતા ઉપરવાસમાં પોતાના વાસની નજીક કોતરોના કિનારોમાં આવેલી ખરાબાની જમીનમાં તથા ગામતળના હક્ક વિસ્તારમાં કાચા પાકા ઘરો બનાવી વસવાટ કરતા આવ્યા છે. છેલ્લા સાડાચાર દાયકાથી ગ્રામજનો દ્વારા લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે તેમ છતા તંત્ર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. ત્યારે બોરીજના રહેવાસીઓને આજદિન સુધી શહેરી કે ગ્રામ્ય કોઈપણ પ્રકારની આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો નથી. ધોળાકુવા, સે-૨૪ તેમજ આદિવાડા અને ગોકુળપુરામાં સરકાર દ્વારા રહેણાંક વ્યવસ્થા કરી આપી છે. જયારે બોરીજ ગામની મહામુલી જમીન પાટનગરમાં ઉપયોગી થઈ હોવા છતા ગ્રામજનોને આવી કોઈ યોજનાનો લાભ મળ્યો નથી તે શરમજનક બાબત છે.

આ ઉપરાંત બોરીજ ગામના નાગરીકોએ રહેણાંકની વિરુદ્ધમાં અમુક વિરોધી માનસીકતા ધરાવતા નાગરીકો દ્વારા વારંવાર અરજીઓ તંત્રમાં કરવામાં આવે છે. તો આવી નામી-અનામી નાગરીકોની અરજીઓ ધ્યાને લઈ સત્વરે પગલા ન લેતા તેની અધિકૃત અધિકારી દ્વારા તમામ ચોકસાઈ કરાવ્યા વિના કોઈપણ પ્રકારના પગલા લેવામાં ન આવે તેવી ગ્રામજનોની લાગણી અને માંગણી છે.બોરીજ ગામના અસરગ્રસ્ત વારસો ઘર વિહોણા ન થઈ જાય અને રહેણાંકની વિકટ સમસ્યાનો કાયમી આવે અને ગામના નાગરીકોને રહેણાંક માટે કાયદાકીય રક્ષણ મળે તેવી પણ ગ્રામજનો અપેક્ષા રાખી રહ્યા છે

દબાણ હટાવો અભિયાન : ગાંધીનગરના સેક્ટર-૬માં વારંવાર દબાણ હટાવો ઝૂંબેશ કરવા છતાં સ્થિતિ યથાવત રહે છે. દબાણ હટાવો ટીમ રવાના થાય તેના ૨૪ કલાકમાં દબાણ પાછું ગોઠવાઈ જાય. દર મહિને - બે મહિને દબાણો હટે છે અને ફરીથી યથાવત ગોઠવાઈ જાય છે. ખબર નહીં ક્યાં સુધી આમ ચાલ્યા કરશે... કોણ ચલાવે છે આ... કેવી રીતે ચાલે છે ? ક્યાંક દાળમાં કાળું છે, નહીં તો વારંવાર આ સ્થિતિનું નિર્માણ ન થાય. ઈચ્છીએ સ્માર્ટ સિટી ગાંધીનગરને દબાણ તંત્ર લાલ આંખ કરી દબાણકારોને પાઠ ભણાવાનો સમય આવી ચૂક્યો છે.

ખોરજ નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક ખોરજ ગામ પાસેથી પસાર થતી નર્મદાની કેનાલમાં આજે સવારે અજાણ્યા પુરુષનો મૃતદેહ પાણીમાં તરતો નજરે પડતા સ્થાનિક રહીશે અડાલજ પોલીસને જાણ કરી હતી. આથી પોલીસે ફાયર બ્રિગેડની મદદથી મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. અડાલજ પોલીસે આ મામલે ગુન્હો નોંધી મૃતકની ઓળખ માટે શોધખોળ શરુ કરી છે.

ખોરજ ગામ પાસે આવેલી નર્મદા કેનાલમાં આજે ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ પાણીમાં તરતો હતો. સ્થાનિક રહીશે આ મૃતદેહ અંગે અડાલજ પોલીસમાં જાણ કરતા પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી આવી હતી અને ફાયર જવાનોએ અજાણ્યા પુરુષનો મૃતદેહ બહાર કઢાવ્યો હતો. અજાણ્યા મૃતકે શરીરે પીળા રંગનો શર્ટ, કથ્થઈ રંગનું પેન્ટ તથા ગળામાં રૂદ્રાક્ષની માળા અને હાથમાં કડુ પહેરેલું છે. જો કે મૃતદેહની કોઈ ઓળખ થઈ નથી. આ મામલે અડાલજ પોલીસે મૃતદહને પી.એમ. અર્થે મોકલી આપી તેના પરિવારની શોધખોળ શરુ કરી છે.

પાંચ લાખથી વધુનો દારૂ પકડાશે તો બુટલેગર અને પોલીસની સાંઠગાંઠની તપાસ કરાશે : ડીજીપી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યના કોઈપણ વિસ્તારમાં ૫ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડાય તો બુટલેગર અને પોલીસ અધિકારીઓ વચ્ચે સાંઠગાંઠની તપાસ કરવા રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા એ પરિપત્ર કરી આદેશ કર્યો છે. પોલીસ વડાના આ આદેશે પોલીસ બેડામાં ભારે ચર્ચા જગાવી છે.

રાજ્યની નશાબંધી નીતિના અસરકારક અમલીકરણ અર્થે સરકારે કાયાદાકીય સુધારો કરીને ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯માં કડક જોગવાઈઓ કરી છે. તેમ છતાં મોટા જથ્થામાં વિદેશી દારૂની હેરફેર કરવાની સંગઠીત ગુનાખોરી સંપૂર્ણપણે નાબુદ થઈ નથી ત્યારે વર્તમાન રાજ્ય પોલીસના વડા શિવાનંદ ઝાએ પરિપત્ર કરી રાજ્યમાં કોઈપણ સ્થળે ૫ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડાય છે તો બુટેલગર અને પોલીસ અધિકારીઓ વચ્ચે સાંઠગાંઠની તપાસ કરવામાં આવશે તેવો આદેશ કર્યો છે. જેમાં ૫ લાખથી વધુના દારૂના કેસોની તપાસ ઉપર જિલ્લાઓના સંદર્ભમાં સંબંધિત રેન્જ વડા, કમિશનરરેટ વિસ્તારમાં સંબંધિત સંયુક્ત અથવા અધિક પોલીસ કમિશ્નર અને અન્ય એકમોમાં સંબંધિત પોલીસ મહાનિરીક્ષક તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક દ્વારા દેખરેખ રાખવાની રહેશે. અને પકડાયેલ વિદેશી દારૂ અન્ય રાજ્યની કઈ ડિસ્ટિલરીમાંથી મેળવવામાં આવેલ છે, તે જથ્થાની ખરીદી કોના દ્વારા કયા હેતુ માટે કરવામાં આવી હતી, તે જથ્થાની ખરીદી અંગેની ચૂકવણી કોના દ્વારા કઈ રીતે કરાયેલ હતુ, ગુજરાત રાજ્યમાં તે દારૂ કોના માટે કોને પહોંચતો કરવા માટે ઘુસાડવામાં આવતો હતો, દારૂ ઘુસાડવા માટે ડ્રાઈવરે ચોક્કસ કયો રૂટ લીધેલ હતો, દારૂની હેર-ફેરમાં સંડોવાયેલ તત્વોએ કોઈ પોલીસ અધિકારીના સંપર્કમાં રહ્યા હતા કે કેમ તે બાબતે પુરાવો શોધી કાઢવા માટે પુરતા પ્રયાસો સુનિશ્ચિત કરાવવાના રહેશે અને માસિક કાઈમ કોન્ફરન્સમાં પણ કેસોની વિગતવાર સમીક્ષા કરવાની રહેશે તેમ જણાવ્યુ હતુ.

વાંકાનેરડા ગામે ખેતરમાં જુગાર રમતા બે જુગારીયાઓ ઝડપાયા

ડભોડા પોલીસે દરોડો પાડી બે જુગારીયાઓ સાથે ૧૨૧૦ની રોકડ જપ્ત કરી હતી

ગાંધીનગર, તા.૧૪

ડભોડાના વાંકાનેરડા ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં દરોડો પાડી ડભોડા પોલીસે બે જુગારીયાઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. જયારે દરોડો પાડતા પોલીસને જોઈ બીજા બે જુગારીયા નાસી છુટયા હતા. દરોડામાં પોલીસે જુગાર સાહિત્ય સાથે રૂ. ૧૨૧૦ની રોકડ જપ્ત કરી હતી. પોલીસે તમામ જુગારીયાઓ વિરુધ્ધ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડભોડા પાસે વાંકાનેરડા ગામ આવેલું છે. જયાં વાંકાનેરડા ગામની સીમમાં અરવિંદજી બેચરજી ઠાકોરના ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો હાર-જીતનો જુગાર બિન્દાસ રમી રહ્યા હતા. ડભોડા પોલીસને આ જુગારીયાઓની બાતમી મળતા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી બે જુગારીયાઓ અમરત રમજુજી ઠાકોર અને રજુજી મનુજી ડોડિયા (રહે. વાંકાનેરડા ગામ)ને ઝડપી પાડયા હતા. જયારે અરવિંદ દશરથજી ડોડિયા અને સુમન કાનાજી ઠાકોર નાસી છુટયા હતા. પોલીસ દરોડા દરમિયાન જુગાર સ્થળેથી જુગાર સાહિત્ય સહિત કુલ રૂ. ૧૨૧૦ની રોકડ જપ્ત કરી હતી અને તમામ ચારેય જુગારીયાઓ વિરુધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મગોડી રાહેલબા વૃધ્ધાશ્રમમાં વડીલોને પુણ્યતિથિ નિમિત્તે ભોજન

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમ ધામે (ઘરડાઘર) ખાતે નટુભાઈ પટેલ પત્રકારના પિતાશ્રી સ્વ. શિવાભાઈ આર. પટેલની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે ઘરડાઘરના વડીલોને ભોજનપ્રસાદ આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના સોજા ખાતે રાજય સરકાર પ્રેરિત સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત તળાવ ઉંડુ કરવાના કાર્યના ભૂમિ પૂજન કાર્યક્રમમાં સાંસદ જયશ્રીબેન ઉપસ્થિત રહ્યા હતા.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન આગામી ૩ વર્ષ સુધી ચાલુ રાખી ભાવિ પેઢીને ૫૦ વર્ષ સુધીનો સમૃદ્ધ જળ વારસો આપવા સરકાર પ્રતિબદ્ધ - CM

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન આગામી ત્રણ વર્ષ સુધી ચાલુ રાખીને રાજ્યભરના તળાવો ઊંડા કરી ભાવિ પેઢીને આવનારા ૫૦ વર્ષ સુધીનો સમૃદ્ધ જળ વારસો આપવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી કમાન્ડ-કંટ્રોલ વોલ વિડીયો કોન્ફરન્સ ટેકનોલોજી દ્વારા ૬ જિલ્લાના ગામોમાં તળાવો ઊંડા કરવાના કામોના સ્થળનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું હતું. એક સાથે છ જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરસીંગનો અભિનવ પ્રયોગ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

આગામી વરસાદી મોસમ પહેલાં જળસંચયના કામો ૨૪ x ૭ ચાલુ રખાશે

આ સંદર્ભમાં તેમણે આગામી વરસાદી મોસમ પહેલાં તળાવો ઊંડા કરવા, નહેરોમાંથી કાંપ કાઢવા સહિતની જળસંચય કામગીરી ૨૪X૭ ચાલુ રાખવા જિલ્લા તંત્રોને વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સુજલામ-સુફલામ જળ અભિયાન અંતર્ગત રાજ્યના ૬ જિલ્લાના ગામોમાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ અને કામોનું સીધું મોનિટરીગ જિલ્લાસ્તરે ડ્રોન ટેકનોલોજી અને મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી કમાન્ડ કન્ટ્રોલ વોલ ટેકનોલોજીના ઉપયોગથી કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ જિલ્લાના ગોમટા, તાપીના ચીખલાવાવ, સાબરકાંઠાના કમાલપુર, જુનાગઢના નારેડી, દાહોદના દુધિયા અને નર્મદાના ભાડમ ગામોમાં ચાલી રહેલા તળાવો ઊંડા કરવાના સ્થળ પર ઉપસ્થિત ગ્રામજનો, સરપંચો, અગ્રણીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આવનારી વરસાદી મોસમ પહેલાં આ અભિયાનના કામોથી જળસંચયમાં વૃદ્ધિ માટે જરૂર જણાય ત્યાં વધારાનો મેનપાવર,

મશીનરી, જેસીબી, ટ્રેકટર વગેરે સઘન બનાવીને પણ કામો પૂર્ણ કરવાની નેમ વ્યક્ત કરી હતી.

આ અભિયાનના કામો માટે સરકાર નાણાંની કોઈ કચાશ રહેવા દેશે નહિં તેમ સ્પષ્ટપણે જણાવતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, લોકફાળો અને લોકસહયોગ પણ આ કાર્યોમાં મોટાપાયે પ્રેરિત થયો છે.

મુખ્યમંત્રીશ્રી સાથેના આ સીધા સંવાદમાં રાજકોટના ગોમટા, સાબરકાંઠાના કમાલપુર, તાપીના ચીખલાવાવના સરપંચોએ આ જળ અભિયાન અભૂતપૂર્વ જળસંચય અભિયાન બન્યું તેમ જણાવી તળાવો ઊંડા કરવામાંથી નીકળતી માટી ખેડૂતોને વિનામૂલ્યે આપીને સરકારે તળાવની નવી ફળદ્રુપ માટીરૂપી ખાતર ખેતરોમાં આપવાનો જે કલ્યાણ ભાવ દર્શાવ્યો છે તેની પ્રસંશા કરી હતી.

ગ્રામજનોએ જળસંચયના કામોથી આવનારા ચોમાસામાં તળાવોમાં વધુ પાણી સંગ્રહ થવાથી જળસંકટ દૂર થશે, ખેતીવાડી માટે પૂરતું પાણી મળશે, તેવા હર્ષભર્યા પ્રતિસાદ આપ્યા હતા.

ગોમટાના પ્રગતિશીલ કૃષિકારે આવા અભિયાન માટે અલાયદુ ભંડોળ રચીને તેમાં આવતું દાન જળસંચય વૃદ્ધિના કામો માટે જ વર્ષભર ઉપયોગમાં લેવાય તેવા કરેલા સુચનનો સકારાત્મક પ્રતિભાવ આપતાં મુખ્યમંત્રીશ્રીએ આ દિશામાં સરકાર વિચારાધીન હોવાનો નિર્દેશ આપ્યો હતો.

તાપીના ચીખલાવાવના નાગરિકોએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં તળાવ ઊંડા કરવાની કામગીરી સ્વાધ્યાય પરિવારના સહયોગથી હાથ ધરાઈ ત્યારે તળાવ ફાટે તો ખેતીને નુકશાન થશે તેવી ભીતિ રાખનારાઓ તે સમયે જળસંચયથી ખેતીને થયેલા ફાયદાને પરિણામે હવે ઉમંગભેર આ અભિયાનમાં જોડાઈને પ્રતિસાદ આપી રહ્યા છે.

નર્મદા જિલ્લામાં ગ્રામજનોએ આ અભિયાનને વધાવતાં જણાવ્યું હતું કે, તળાવો ઊંડા કરવાને પરિણામે તળાવની માટી ખેડૂતોને ખાતર તરીકે મળશે. તળાવમાં જળસંગ્રહ થતાં મત્સ્ય ઉછેર ઉત્પાદન દ્વારા રોજગારીની તકો વધશે.

મુખ્યમંત્રીશ્રીએ સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં શ્રમદાન કરતા શ્રમજીવીઓને મનરેગા અંતર્ગત રોજગારી મળી રહે તે માટે તેમજ ગામના મોટા તળાવો હોય ત્યાં સતત કામગીરી કરી વધુ જળસંગ્રહ થાય તે રીતે સુવ્યવસ્થિત આયોજન માટેના પ્રેરક સૂચનો કર્યા હતા.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યવ્યાપી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અન્વયે ૧૧ હજાર લાખ ઘનફૂટથી વધુ પાણીના જથ્થાની સંગ્રહક્ષમતાનો ધ્યેય છે. અત્યાર સુધીમાં ૨૫૮.૭૬ લાખ ઘનફૂટ જળસંગ્રહના કામો થયા છે.

રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં જળસંચયના ૮૩૩૨ કાર્યો પ્રગતિમાં છે. આ માટે ૩૩૦૬ જેસીબી-હિટાચી તેમજ ૯૮૯૦ ટ્રેકટર ડમ્પરનો ઉપયોગ થઈ રહ્યો છે. સમગ્ર રાજ્યમાં આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૯ લાખ કરતા વધુ માનવદિન રોજગારી મળી છે.

ઈડરના મેસણ અને હિંમતનગરના વિરપુર ગામે તળાવ ઊંડું કરવાની કામગીરીમાં શ્રમદાન કરતાં સિંચાઈ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી

પાણી અમૂલ્ય છે તેનો કરકસર અને વિવેકથી ઉપયોગ કરી જળસંગ્રહ કરવો એ સમયની માંગ છે. તેમાં જન-જન જાગૃતિ કેળવે એ ખૂબ જરૂરી છે એમ સિંચાઈ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું છે.

રાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વરસાદી પાણીને નિરર્થક વહી જતું રોકીને તળાવો, ચેકડેમો અને ખેત તલાવડીઓ વગેરેમાં ઉતારી મોટા પ્રમાણમાં જળસંગ્રહ કરવા ગુજરાત સરકાર દ્વારા સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ઉપાડવામાં આવ્યું છે.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મેસણ અને હિંમતનગર તાલુકાના વિરપુર ખાતે ગામતળાવ ઊંડું કરવાની કામગીરીમાં શ્રમદાન કરતાં જિલ્લા પ્રભારી અને સિંચાઈ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી પરબતભાઈ પટેલે સમાજના તમામ પ્રજાવર્ગને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તા.૩૧ મી મે, ૨૦૧૮ સુધી ચાલનારા આ અભિયાન દરમિયાન સમગ્ર ગુજરાતમાં ૧૩,૦૦૦ જેટલા તળાવો-ચેકડેમો ઊંડા કરવાના કામમાં ૪,૦૦૦ થી વધુ જેસીબી મશીન અને ૮,૦૦૦ થી વધુ ટ્રેક્ટર-ડમ્પરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તળાવો-ચેકડેમો ઊંડા કરવાના કામથી નીકળનાર માટી-કાંપનો ઉપયોગ ખેડૂતો નિઃશુલ્ક કરી શકશે.

આ અભિયાનને સ્વૈચ્છિક અને સેવાભાવી તેમજ ધાર્મિક સંસ્થાઓની સાથે સાથે વ્યાપક જન સમર્થન મળ્યું છે. જેના પરિણામે આગામી ચોમાસામાં રાજ્યમાં ૧૧ હજાર લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે તેનાથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને ખેડૂતોને ખૂબ જ ફાયદો થશે.

ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા જિલ્લામાં ૧૮૪ તળાવો ઊંડા કરવા, ૩૦૯ ચેકડમ અને ૧૧ નહેરોના ડીસિલ્ટીંગનું કામ કરવામાં આવશે. જિલ્લામાં આવેલ નગરપાલિકા વિસ્તારોમાં પણ જળસંચયના કામો હાથ ધરવામાં આવશે. ૧૩ પાણી પુરવઠા યોજનાની ૮૦૫ કિ.મી પાઈપ લાઈનના ૮૩૯ એરવાલ્વ તપાસ કરી મરામત હાથ ધરી પાણીના વ્યયને અટકાવવામાં આવશે.

નવસારી જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત તળાવ ઊંડું કરવાની કામગીરી દ્વારા ઘરઆંગણે ઊભી થઈ વિપુલ રોજગારી

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હેઠળ નવસારી જિલ્લાના જલાલપોર, પેથાણ અને સરઈ-પરથાણ ખાતે તળાવ ઊંડાં કરવા અને નહેર સફાઈની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. શ્રમજીવીઓ ઘરઆંગણે મનરેગા યોજના હેઠળ રોજગારી મેળવી રહ્યાં છે.

આ શ્રમજીવીઓને કોઈ મુશ્કેલી ન પડે તેની પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે. શ્રમજીવીઓ માટે છાંયડો, પીવાનું પાણી, છાશની વ્યવસ્થા સાથે મેડિકલ કિટસની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

તેવી જ રીતે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના પ્રતાપનગર, કાંટસવેલ અને વાંદરવેલા ગામે પણ તળાવો ઊંડાં કરવા, નવા ચેકડેમ બનાવવા, નહેર સફાઈ જેવી જળસંચય માટેની કામગીરી થઈ રહી છે.

નવસારી જિલ્લામાં ચાલતાં જળસંચય માટેના ૩૩૪ જેટલા કામો ઉપર ઉચ્ચકક્ષાએથી સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

કાર્યપાલક ઈજનેર શ્રી પટેલના જણાવ્યા અનુસાર નવસારી જિલ્લામાં ૪૦ કિ.મી. વિસ્તારમાં નહેર સફાઈ કાર્ય થઈ રહ્યું છે. જેમાં માણેકપોર માયનોરનું ૧૦ કિ.મી. સુધી સફાઈ અભિયાન ઉપરાંત જલાલપોર, ચીખલી ગણદેવી અને નવસારી એમ પ્રત્યેક તાલુકામાં ૧૦ કિ.મી. નહેર સફાઈનો સમાવેશ થાય છે. સ્વૈચ્છિક, સેવાભાવી અને સહકારી સંસ્થાઓ ઉપરાંત સ્થાનિક ગ્રામજનો પણ આ અભિયાનમાં જોડાયા છે.

પ્રતાપનગર-રાજપુર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચે પ્રજ્ઞેશભાઈ પટેલ અને અગ્રણીશ્રી ધનાભાઈ પટેલે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પ્રતાપનગર ગામની વસતિ ૨૨૦૦ જેટલી છે. ૧૦ વીઘાનું તળાવ ઊંડું થવાના કારણે ગામજનોને લાભ થશે તેમજ નર્સરી ઉદ્યોગને પણ વેગ મળશે. તળાવમાંથી જે માટી નીકળે છે, તે નર્સરી ઉદ્યોગ ધરાવતા ખેડૂતો લઈ જાય છે. મુરમ જે નીકળે છે તે ગામના જે રસ્તાઓ છે, તેની આજુબાજુ નાંખવામાં આવે છે. જળ અભિયાન હેઠળ સરાહનીય કામગીરી થઈ રહી છે, જે મુખ્યમંત્રી શ્રીને આભારી છે

નર્મદા જિલ્લા પાણી પુરવઠા તંત્રએ પાણીનું પ્રત્યેક ટીંપું સંચિત કરવા આદરી ઝુંબેશ

૩૫૦ કિ.મી. લાંબી પાઈપલાઈનમાં પાણી ગળતરની ચકાસણી પૂર્ણ : ૭૬૭ વાલ્વની ચકાસણી કરીને ૧૧૦નું કરાયું સમારકામ

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હેઠળ નર્મદા જિલ્લાના પાણી પુરવઠા વિભાગે પાણી પુરવઠા નેટવર્કમાં લીકેજીસને લીધે ટપકી ટપકીને વેડફાતું પાણી બચાવવા આકરા તાપમાં ઝુંબેશરૂપે કપરો પરિશ્રમ હાથ ધર્યો છે.

નર્મદા જિલ્લામાં નર્મદા નહેર આધારિત નર્મદા નો-સોર્સ ભાગ-૧ યોજના, સાવલી-અગર જૂથ પાણી પુરવઠા યોજના, કરજણ ડેમ આધારિત જીતનગર-સુંદરપુરા જૂથ પાણી પુરવઠા યોજનાના લાભાર્થી ગામોને પાણી પહોંચાડવા ૩૫૦ કિ.મી. લાંબી પાઈપલાઈન પાથરી ૬૬૭ એરવાલ્વ અને ૧૦૦ સ્લુસ વાલ્વ મળી ૭૬૭ વાલ્વ સ્થાપિત કર્યા છે.

આ પાઈપલાઈન નેટવર્કના સુચારૂ સંચાલન માટે લગાવવામાં આવેલ હવાના નિકાલના એરવાલ્વ, પાણી પુરવઠાના જથ્થાના નિયંત્રણ માટે સ્લુસ વાલ્વ લગાવવામાં આવે છે. સમયની સાથે લાગતા ઘસારા તેમજ મરામતના અભાવે આ વાલ્વમાં ગળતર થતાં પાણી ટપકીને વેડફાઈ છે. તેને અટકાવવા પાણી પુરવઠા વિભાગે ૩૫૦ કિ.મી. લંબાઈની પાઈપલાઈન્સ અને વાલ્વનું નિરીક્ષણ કરી ૪ લીકેજ અને ગળતરવાળા ૧૫૦ એરવાલ્વ અને ૧૦ સ્લુસ વાલ્વ મળી કુલ-૧૬૦ વાલ્વનું સમારકામ કરીને પાણીનો વેડફાટ અટકાવાયો છે.

કાર્યપાલક ઈજનેરશ્રી એ.કે. ગર્ગ જણાવે છે કે, હાલમાં પાઈપલાઈન દુરસ્તી અને એરવાલ્વ લીકેજીસ દૂર કરવાની કામગીરી દરમિયાન પાઈપલાઈન્સને કલર કરીને જે તે એરવાલ્વને નંબરીગ આપવામાં આવ્યા છે જેથી ભવિષ્યમાં લિકેજ થાય તો જે-તે વાલ્વના નંબર સાથે આ લીકેજીસ દૂર કરવા માટે ગ્રામજનોને રજૂઆત કરવામાં સરળતા રહેશે અને આવા લીકેજીસ ઝડપથી દૂર કરી શકાશે.

સંતોની અપીલ

રાજ્યની પાણી બચાવો ઝૂંબેશ આપણે સાથે રહીને પાર પાડીએ અને પડાવીએ તેવો હું જાહેર જનતાને અનુરોધ કરું છું.

પૂજ્ય શ્રી પ્રહલાદજી મહારાજ, શનિદેવધામ -લુણાવાડા.

જળસંચયનું અભિયાન સ્વામિનારાયણ ભગવાને ૨૦૦ વર્ષ પહેલાં ચલાવ્યું હતું, આ એ સંસ્કાર છે. જનજનના હિત માટે વળગીને વરસાદી પાણીના સંગ્રહ માટે કટિબદ્ધ બનીએ.

પ્રકાશ સ્વામી
સ્વામિનારાયણ મંદિર-ભુજ